પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૬ | ૭ ફેબ્રુઆરી, ૨૦૧૭, મંગળવાર ; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાક - અફઘાનમાં સફેદ આતંક

## પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદ ઉપર બર્ફીલા તોફાનથી ૧૦૦થી વધુના મોત



રાવલપીંડી, તા. ૬

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની બોર્ડર પર પર્વતીય વિસ્તારોમાં બર્ફીલા તોફાનના પગલે ૧૦૦થી વધુ નાગરિકોના મોતની માહિતી પ્રાપ્ત થઈ છે.

પાકિસ્તાનના ૫૦થી વધુ મકાનો બરફમાં દબાઈ ગયા છે. જેમાં ૧૪થી વધુ નાગરિકોના સામૂહિક મૃત્યુ થયા છે. બીજી તરફ અફઘાનિસ્તાનનો મૃત્યુ આંક ૬૮થી વધી ગયો છે. જોકે, બંને દેશોમાં નિર્દોષ નાગરિકોના કરૂણ મોત થતાં સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. પર્વતીય વિસ્તારમાં હિમસ્ખલનના કારણે અસંખ્ય નાગરિકો દટાયાના અહેવાલોના પગલે બચાવવા અને રાહતની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે. હજુ સુધી ચોક્કસ આંકડો આપી શકવા સરકાર પણ અસમર્થ છે. બીજી બાજુ ભારે બર્ફીલા તોફાનને પગલે ચંડીગઢ સ્થિત વાતાવરણ પણ નજર રાખતા કેન્દ્રએ પણ કાશ્મીરમાં અને ઉત્તર ભારતમાં હર્ફીલા તોફાનની ચેતવણી આપી છે. ઉત્તરીય પર્વતીય ભારતમાં ૫૫૦થી વધુ ગાય - ભેંસના મૃત્યુના સમાચાર પ્રાપ્ત થયા છે.



## ન્યુઝ ટ્રેક

### નોટબંધી બાદ ૧૫૬ બેંક અધિકારીઓ સસ્પેન્ડ

નોટબંધીના પગલે કાળા



નાણાંને સફેદ બનાવવામાં સહાયરૂપ બનેલ ૧૫૬ બેંક અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એમ નાણાંમંત્રી અરૂણ જેટલીએ લોકસભામાં માહિતી આપી છે.

### કુમાર વિશ્વાસને ગુજરાતની જવાબદારી


આમ આદમી પાર્ટીએ આગામી વિધાનસભાની



ચૂંટણીઓની તૈયારી માટે તથા સંગઠ્ઠનને મજબુત બનાવવા પક્ષના નેતા અને જાણીતા કવિ કુમાર વિશ્વાસને ગુજરાતની જવાબદારી સોંપી છે.

### ગૂગલે એપલને પાછળ રાખ્યુ

ગૂગલે વિશ્વની સૌથી



પોપ્યુલર બ્રાન્ડનો તાજ જીતી લીધો છે. અગાઉ એપલ પ્રથમ ક્રમે હતુ. હવે ૨૪ ટકાની વૃદ્ધિ સાથે ૧૦૯.૪ બીલીયન ડોલરની વેલ્યુ સાથે ગૂગલ પ્રથમ રહ્યુ છે. એમ બ્રાન્ડ ફાઈનાન્સના રીપોર્ટમાં જણાવાયુ છે.

### સોનીયા માત્ર રાયબરેલીમાં જ પ્રચાર કરશે

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનીયા ગાંધીએ પોતાના લોકસભા



મતવિસ્તાર રાયબરેલીમાં જ પ્રચાર કરવાનુ પસંદ કર્યુ છે. શારીરિક અસ્વસ્થતાના કારણે તેઓ વ્યાપક ચૂંટણી પ્રચાર કરી શકે તેમ ન હોવાનું જણાવાયું છે.

### સંજય દત્ત સામે પાડોશીઓની ફરિયાદ

જાણીતા અભિનેતા સંજય દત્તના પાડોશીઓની એવી ફરિયાદ છે કે મોડી રાત સુધી મોટા મોટા અવાજથી ગીતો વગાડી તે આસપાસના રહીશોને પરેશાન કરે છે. અગ્રણી વસાહતી ડૉ. અમિતાભ શુક્લએ પોલીસ અધિકારીઓને આ અવાજ રોકવા રજૂઆત કરી છે.

# મુલાયમ ગઠબંધન માટે પ્રચાર કરશે

લખનૌ,તા. ૬

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીની શરૂઆત થઈ રહી છે ત્યારે સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવે ફરી એકવાર મુલાયમ વલણ અપનાવ્યુ છે. મુલાયમસિંહે કહ્યુ છે કે તેઓ રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર કરવા તૈયાર થઈ ગયા છે. આવતીકાલથી પ્રચારમાં જોડાશે. મુલાયમસિંહ યાદવ ચૂંટણી પ્રચાર કરવા માટે તૈયાર થતા પાર્ટીને મોટો ફાયદો થઈ શકે છે. મુલાયમે આજે પત્રકારો સાથે વાતચીત કરતા



કહ્યું હતું કે અખિલેશ યાદવની કામ કરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. કોઈ દરમિયાનગીરી કરવામાં આવી રહી નથી. મુલાયમસિંહે તમામ પ્રકારની અટકળો પર પૂર્ણ વિરામ મુકતા કહ્યુ છે કે ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ જ ફરી મુખ્યપ્રધાન બનશે. તેમણે કહ્યુ હતુ કે સમાજવાદી પાર્ટી ખુબ મજબુત સ્થિતીમાં છે. મુલાયમે એમ પણ કહ્યુ હતુ કે અમારા પરિવારમાં કોઈ પણ પ્રકારની લડાઈ નથી. અખિલેશ જ આગામી મુખ્યપ્રધાન બનશે. મુલાયમ સિંહે શિવપાલ યાદવ અને અમરસિંહ નારાજ હોવાના હેવાલને રદિયો આપ્યો હતો. આ અગાઉ મુલાયમ સિંહ યાદવે કહ્યુ હતુ કે પાર્ટીના ધારાસભ્યો દ્વારા ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે નેતાની પસંદગી કરશે. મુલાયમે

● અનુસંધાન પાના - ૭ પર

# આજે ચેન્નાઈમાં શશીકલાનો શપથવિધિ

ચેન્નાઈ,તા. ૬

જયલલિતાના નજીકના સાથી શશીકલા નટરાજન તમિલનાડુના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. શશીકલા નટરાજન પણ એક નવી સિદ્ધિ મેળવવા જઈ રહ્યા છે. શશીકલા નટરાજને ક્યારેય પણ કોઈ ચૂંટણી લડી નથી અને સીધી રીતે મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે. તેમની આવતીકાલે મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવશે. શશીકલા નટરાજનનો જન્મ ૧૯૫૭માં ચેન્નાઈથી આશરે ૩૦૦ કિલોમીટર દક્ષિણ સ્થિત મન્નારગુડી નજીક થયો હતો. પરિવારના સભ્યોના ડીએમકે સાથે વિતેલા વર્ષોમાં સંબંધ રહી ચુક્યા છે.

શશીકલા નટરાજને કરૂણાનિધિના આશિર્વાદ સાથે ૧૯૭૪માં લગ્ન કર્યા હતા. ઈમરજન્સીના ગાળા દરમિયાન શશીકલા નટરાજને રાજ્ય માહિતી અને પીઆર વિભાગમાં તેમની નોકરી ગુમાવી દીધી હતી. શશીકલા નોટરાજન નોકરી પરત મેળવવા માટે કોર્ટમાં પહોંચી ગયા હતા. લાંબી લડાઈ બાદ શશીકલા નટરાજનને તેમની નોકરી ફરી મળી હતી. શશીકલા નટરાજનને ફરી નોકરી મળી ગયા બાદ ચેન્નાઈમાં તેમને વીડિયો રેન્ટલ શોપની શરૂઆત કરી હતી.

વી.ચંદ્રલેખા જે એ વખતે દક્ષિણ આર્કોટના કલેકટર તરીકે હતા તેમને શશીકલાની ઓળખ જયલલિતા સાથે કરાવી હતી.

# સહારાના એમ્બી વેલી પ્રોજેક્ટ જપ્ત કરવા સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી,તા. ૬

સહારાને આજે ખુબ મોટો ફટકો પડ્યો હતો. સુપ્રિમ કોર્ટે આજે સહારા ચીટ ફંડ મામલાની સુનાવણી ચલાવતી વેળા કેટલાક મહત્વપૂર્ણ આદેશો જારી કર્યા હતા. જેના ભાગરૂપે મુંબઈ સ્થિત એમ્બી વેલી ટાઉનશીલ પ્રોજેક્ટને જપ્ત કરવા માટેનો આદેશ જારી કરી દીધો હતો. આ સુપ્રિમ કોર્ટના આદેશને ખુબ જ મહત્વપૂર્ણ આદેશ તરીકે ગણવામાં આવે છે. આના કારણે સહારાને ખુબ મોટો ફટકો પડી શકે છે. સહારાના વડા પહેલાથી જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સુબ્રતા રોયની તકલીફ દિન પ્રતિદિન વધી રહી છે. આજના ચુકાદાથી વધુ એક મુશ્કેલી તેમની સામે આવી ગઈ છે. કોર્ટે સહારા ગ્રુપથી કહ્યું છે કે તે પોતાની એવી સંપત્તિઓની યાદી સોંપી દે જેના પર કોઈપણ પ્રકારનું દેવું નથી. સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે આ સંપત્તિઓની હરાજી કરીને લોકોના પૈસાની વસુલી કરવામાં આવશે. સાથે સાથે આ પૈસા પ્રજાને આપવામાં આવશે. કોર્ટે ૧૪૭૯૯ કરોડ રૂપિયાના બાકી નાણાંના મામલામાં સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. આનો મતલબ એ થયો કે સહારાના એમ્બી વેલી પ્રોજેક્ટ હવે સુપ્રિમ કોર્ટની બાજ નજરમાં રહેશે. સહારા ગ્રુપે બાકી રકમને જુલાઈ ૨૦૧૯ સુધી ચુકવી દેવાની વાત કરી છે પરંતુ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વમાં બેંચે ઝડપી રિકવરી માટે એમ્બી વેલી પ્રોજેક્ટને જપ્ત કરવા માટેનો આદેશ જારી કરી દીધો છે. અલબત્ત ગ્રુપના લીડર સુબ્રતા રોય સંપત્તિઓની યાદી સોંપવામાં આવે ત્યાં સુધી પેરોલ ઉપર જેલની બહાર રહેશે. કોર્ટ આ સમગ્ર મામલામાં ૨૭મી ફેબ્રુઆરીના દિવસે વધુ સુનાવણી હાથ ધરશે.

## શેરબજારમાં તેજી

મુંબઈ,તા. ૩

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૧૯૯ પોઈન્ટ સુધરીને ૨૮૪૩૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૦ પોઈન્ટ સુધરીને ૮૮૦૧ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં તેજી માટે જુદા જુદા પરીબળો જવાબદાર રહ્યા હતા. નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૧.૧-૦.૯ ટકાનો સુધારો રહ્યો હતો. રેકોર્ડ ઉંચી સપાટી ઉપર બજાર પહોંચે તે પહેલા જ શેરબજારમાં કારોબારીઓ સાવધાન થઈ ગયા છે. બુધવારના દિવસે આરબીઆઈની પોલિસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. જેને લઈને મોટાભાગના અર્થશાસ્ત્રીઓ ચર્ચામાં લાગેલા છે. અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે આરબીઆઈ બુધવારના દિવસે વ્યાજદરમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે.

# તાતા સન્સના ડીરેક્ટર પદેથી સાયરસ મિસ્ત્રીને દુર કરવા સહમતી

મુંબઈ,તા. ૬

તાતા સન્સ લિમિટેડના શેર ધારકોની આજે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સાઈરસ મિસ્ત્રીને ડિરેકટર પદેથી દુર કરવા માટેની દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી હતી. તાતા સન્સના શેર હોલ્ડરો દ્વારા બહુમતીથી દરખાસ્તને પસાર કરી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ગયા વર્ષે રતન તાતાએ સાયરસ મિસ્ત્રીને એકાએક તાતા ગ્રુપના સીઈઓના હોદ્દા પરથી દુર કરી દીધા હતા. ત્યારબાદ વચગાળાના ચેરમેન તરીકેની જવાબદારી રતન તાતાએ પોતે



સંભાળી લીધી હતી. ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. ગ્રુપની મુખ્ય કંપનીઓમાં શેરધારકોએ તેમને કંપનીના ચેરમેન પદેથી દુર કરવા માટેની દરખાસ્ત પાસ કરી હતી. હવે તાતા સન્સના શેર હોલ્ડરો દ્વારા પણ દરખાસ્ત પસાર કરીને તેમને સીઈઓના હોદ્દા પરથી દુર કરવા માટેની સત્તાવાર મંજુરી આપી દીધી છે. કંપનીએ બેઠક બાદ નિવેદન જારી કરીને આ અંગેની માહિતી આજે આપી હતી. કંપનીએ બેઠક બાદ કહ્યું હતું કે શેર હોલ્ડરો દરખાસ્ત ઉપર સંપૂર્ણપણે સહમત થયા છે. મિટીંગ પહેલા એમ માનવામાં આવી રહ્યું હતું કે મિસ્ત્રીને દુર કરવાની દરખાસ્તને સરળતાથી મંજુરી મળી જશે.

# ટ્રમ્પના આદેશ સામે ૯૭ કંપની હવે કોર્ટમાં પહોંચી

સાન ફ્રાન્સીસ્કો, તા.૬

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં વહીવટીતંત્ર તરફથી સાત મુસ્લિમ દેશોના નાગરિકો પર અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ વિરોધ પ્રદર્શનનો દોર જારી છે. હવે આ નિર્ણયની સામે દિગ્ગજ કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આ દિગ્ગજ કંપનીઓએ કોર્ટમાં રજુઆત કરી દીધી છે. ગુગલ, ફેસબુક, ટ્વીટર અને એપલ જેવી મહાકય કંપનીઓ સહિત ૯૭ કંપનીઓ કોર્ટ પહોંચી ચુકી છે. આ તમામ કંપનીઓ કોર્ટમાં રજુઆત કરીને સાત મુસ્લિમ દેશોના નાગરિકો સામે પ્રતિબંધનો મુદ્દો ઉઠાવી ચુકી છે. માઈક્રોસોફ્ટે પણ આની વિરૂદ્ધમાં રજુઆત કરી છે. ૯૭ કંપનીઓએ અમેરિકી પ્રમુખ ટ્રમ્પના આદેશની સામે કોર્ટમાં અરજી દાખલ કરી દીધી છે અને આ નિર્ણયને બંધારણના ભંગ તરીકે ગણાવ્યો છે. કોર્ટમાં રજુ કરવામાં આવેલા દસ્તાવેજ મુજબ અમેરિકામાં પ્રવેશ કરવાના નિયમોમાં એકાએક પ્રતિબંધ મુકવાથી અમેરિકી કંપનીઓને ભારે નુકસાન થયું છે.

**ફેન્સીંગ**

શ્રી ઉમિયા બંગ્લોઝ, પાણીની ટાંકી સામે, કુડાસણ ખાતે કંપાઉન્ડ વૉલ ઉપર આશરે ૧૦૦૦ ફુટ ફેન્સીંગ કરાવવાની છે. રસ ધરાવતી પાર્ટીઓએ દિન-૧૦માં ઉપપ્રમુખ/મંત્રીનો સંપર્ક સાધવો.

મો. : ૯૮૨૪૬૭૧૭૬૦
મો. : ૯૮૨૫૮૦૩૧૦૬







ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય